ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને જોગવાઇના બીજા હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૨૩-૨૪

सत्यमेव जयते

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2022/1606/A-1**
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૭/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧)આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B.

(૨)આ વિભાગનો તા.૨૫/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1606/A-1.

(૩)સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૮/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૭૮૬-૮૭.

**આમુખ:-**

ઉપર વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૧)થી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૮૫.૦૦ લાખની જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ઉક્ત વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૨) થી ઉક્ત જોગવાઇના ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટેની વહીવટી મંજૂરી આપેલ છે. ઉપર વંચાણે લીધાં ક્રમાંક (૩) ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત નિગમ માટે બીજા હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખ મંજુર કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૮૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ૨૫% મુજબ બીજા હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખ (અંકે રૂપિયા એકવીસ લાખ પચીસ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

eSign
Signed by: Kalpeshkumar Prahladbhai Parmar
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-Jul-2023 (04:42 PM)